સુવિચાર : જે ક્ષણે તમે તમારી જાતને બેદરકાર બની શકાય તેટલી શ્રીમંત માનવા લાગો છો એ ક્ષણે તમે સર્વનાશના રસ્તા પર ચરણ માંડો છો - એન્ટોવ ચેખોવ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨૮ ૧૭ જુલાઇ, ૨૦૧૫, શુક્રવાર ; નીજ અષાઢ સુદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ વચ્ચે તાકિદની બેઠક યોજાઈ Page-6

## શૈક્ષણિક કાર્ય દરમ્યાન મોબાઈલ ફોન વાપરતા શિક્ષકો સામે લાલઆંખ

**અંગત પ્રશ્નો અને રજુઆતો માટે પદાધિકારીઓ અને મંત્રીઓ સુધી દોડી જતા શિક્ષકો સામે ખાતાકીય કાર્યવાહી કરો**

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ અંગે ૨૦૧૦માં લગાવેલ પ્રતિબંધ પછી પણ તેના વધતા જતા ઉપયોગને નાથવા માટે હવે શિક્ષાત્મક કાર્યવાહીના નિર્દેશો સરકાર દ્વારા આપવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લા શિક્ષક સમિતિએ ૧૫ જુલાઈના રોજ આ અંગે એક પરિપત્ર કરી મોબાઈલનના ઉપયોગ પર પ્રતિબંધની અમલવારી અંગે શાળાના મુખ્ય શિક્ષકોને કડક તાકીદ કરી કેવી રીતે શિક્ષાત્મક કાર્યવાહી કરવી તેનું સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે.

મોબાઈલ ધરાવતા શિક્ષક, વિદ્યાસહાયકે તેમના મોબાઈલ જે તે શાળાના મુખ્ય શિક્ષક પાસે જમા કરાવી દેવા અને શૈક્ષણિક કાર્ય દરમ્યાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનો રહેશે નહિ.

જો શિક્ષક કે વિદ્યાસહાયક ફોનનો ઉપયોગ કરતા જણાશે તો મુખ્ય શિક્ષકને તે માટે જવાબદાર ગણવામાં આવશે. આ અંગેની સંપૂર્ણ જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે.

મુખ્ય શિક્ષકને ચાલુ શૈક્ષણિક કાર્ય દરમ્યાન મોબાઈલનો ઉપયોગ થઈ રહ્યાનું જણાય તો લેખિતમાં ખુલાસો માંગી અને સેવાપોથીમાં તેની નોંધ કરવાની રહેશે. આ અંગેના અધિકાર મુખ્ય શિક્ષકને આપવામાં આવ્યા છે.

મુખ્ય શિક્ષકની સૂચના પછી પણ બીજીવાર જો શિક્ષક કે વિદ્યાસહાયક ઉપયોગ કરતા પકડાય તો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જાણ કરવી અને તેની સામે ખાતાકીય રાહે પગલાં લેવા.

આકસ્મિક સમયમાં રિસેશના સમય દરમ્યાન મુખ્ય શિક્ષક પાસેથી પોતાનો ફોન મેળવી વાત કર્યા બાદ તુરત જ ફોન મુખ્ય શિક્ષક પાસે જમા કરાવવાનો રહેશે.

જિલ્લા શિક્ષણ સમિતિએ તેના આ પરિત્રમાં શિક્ષકો સીધા જ તેમના પ્રશ્નોની રજુઆત માટે શિક્ષણમંત્રી કે અન્ય પદાધિકારીઓ પાસે જાય છે તે પણ પ્રોટોકોલનો ભંગ હોવાથી જે તે પેનલ મારફતે જ જવુ નહિ તો આવા

● અનુસંધાન પાન-૭ પર



વરસાદનો વિરહ - રેલવે સ્ટેશન પર ઉભા હોઈએ ત્યારે નજર સામેથી ગાડી સડસડાટ નિકળી જાય અને આપણે ગાડી ચૂકી જઈએ એવી સ્થિતિ આજકાલ ગુજરાતમાં સર્જાઇ રહી છે... રોજ સવારે આકાશ વાદળોથી ઘેરાય છે... આજ વરસાદ આવશે, ધોધમાર આવશે... સૌને તરસ છીપાવશે... આવી અનેક આશાઓ સાથે ઉગતો દિવસ સાંજે કોરોકટ પૂરો થાય છે... આમ ને આમ છેલ્લા બાર દિવસથી ખેડૂતો, અબોલ પક્ષીઓ અને સમગ્ર ગુજરાતના પ્રજાજનો ચાતક નજરે વરસાદની રાહ જુએ છે... હવામાન શાસ્ત્રીઓ, જ્યોતિષ શાસ્ત્રીઓ, અનુમાન શાસ્ત્રીઓ તારીખો બદલે છે અને કારણો આપે છે પરંતુ સ્થિતિમાં બદલાવ નથી આવતો... વરસાદનો વિરહ અસહ્ય બનતો જાય છે... પરમાત્માને પ્રાર્થના કરીએ કે રથયાત્રાના પાવન દિવસે અમીછાંટણાથી ધરતીને ભીંજવી નાખે... રમજાનના પાવન પર્વે દુઆ અલ્લાહ કૃપા કરી વરસાદ વરસાવી દો.... (તસવીર : દિપક જાની)

## આજે મનપાની સામાન્ય સભામાં કાઉન્સીલરોના પગાર ભથ્થા વધારાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનાર સામાન્ય સભામાં કાઉન્સીલરોના પગાર ભથ્થા લગભગ બમણા કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

મેયર શ્રીમતી હંસાબેન મોદીની અધ્યક્ષતામાં બપોરે ૩ વાગે મળનારી સામાન્યસભામાં ત્રણ મુદ્દાઓ પર ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચનાને પાંચ વર્ષ પૂર્ણ થવામાં છે પણ તેની સેવાના ગણ્યા ગાંઠ્યા વ્યાપ સિવાય અન્ય સેવાઓ મળી નથી પરંતુ સભ્યોના પગાર ભથ્થા વધારીને બમણા કરવાનો મહત્વનો નિર્ણય થશે.

કાઉન્સીલરોના માસિક પગારમાં રૂ. એક હજારનો વધારો અને ભથ્થાઓમાં બીજો કેટલોક ભાગ વધારીને આ રકમ ચાર હજારની આસપાસ કરવામાં આવશે.

આ બેઠકમાં મનપા દ્વારા બસ સેવાના સંચાલન માટે ૪૦ બસોની ફાળવણી કરવા સરકારને વિનંતી કરતો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવનાર છે.

હાલ શહેરની આંતરિક બસ સેવા માટેનું ટેન્ડર સ્થાયી સમિતિમાં આખરી થયું છે. આ પછી પણ આજની સામાન્ય સભામાં નવી બસોની ફાળવણી માટેનો ઠરાવ રજુ કરી આંતરિક બસ સેવાને સઘન બનાવવાનું આયોજન હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ બેઠકમાં સ્થાયી સમિતિએ મનપાના ૧૦૦ જેટલા કર્મચારીઓને ૬ઠ્ઠા પગારપંચનો લાભ આપવાની સ્થાયી સમિતિએ કરેલી ભલામણને પણ બહાલી આપવામાં આવશે.

## વરસાદના અભાવે વધતો અસહ્ય બફારો

### અબોલ પશુ-પક્ષીઓ સહિત સમગ્ર માનવજાત ગરમીથી ત્રાહિમામ : વરસાદની ચાતક નજરે જોવાતી રાહ

ગાંધીનગર, તા.૧૬

વરસાદ હવે હદ બહાર લંબાતો જાય છે. ઉનાળાના દિવસો યાદ આવી જાય તેવી ભયંકર ગરમી પડી રહી છે. બફારો એટલો બધો વધી ગયો છે કે નહાઈને બહાર નીકળો તો પણ પરસેવે રેબઝેબ થઈ જવાય છે. અબોલ પશુ પંખીઓની હાલત કફોડી બની છે. ખેડૂતોના માથા પર ચિંતાની લકીર સ્પષ્ટપણે જોઈ શકાય છે. જો થોડાક દિવસોમાં વરસાદ નહીં પડે તો સમગ્ર પ્રદેશને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની ફરજ પડશે.

ચોમાસાની વિધિવત શરૂઆત થયે એક મહિના જેટલો સમય વીતી ગયો છે પરંતુ માત્ર એક વખત વરસાદ પડયા બાદ વરસાદ જાણે સાવ ગાયબ થઈ ગયો છે. કયાંય વરસાદના એંધાણ જોવા મળતા નથી. હવામાન વિભાગે ચોમાસાની શરૂઆતમાં કરેલી નબળા ચોમાસાની આગાહી જાણે સાચી પડતી

● અનુસંધાન પાન-૭ પર



રમજાનની રોશની - પવિત્ર રમજાન માસના અંતિમ દિવસો ચાલી રહ્યા છે ત્યારે શહેરની મધ્યમા આવેલ મસ્જીદ પર રોશની કરાઈ છે... માત્ર ગણતરીના કલાકોમાં રમજાન ઈદની ઉજવણી આરંભાશે... તપ અને જપના મહિમાવાળો રમજાન મહિનાનું મુસ્લિમ સંસ્કૃતિમાં ભારે મહત્વ છે... ગાંધીનગરના મુસ્લિમ પરિવારો રમજાન ઈદની સવારે નમાજ પઢી એકબીજાને શુભેચ્છાઓ પાઠવશે... (તસવીર : દિપક જાની)

## મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ઈ-વૉટીંગના બૂથ રખાશે

ગાંધીનગર,તા.૧૬

રાજ્ય ચૂંટણી પંચે આ વર્ષે ઓક્ટોબરમાં યોજાનાર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી દરમિયાન છ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈ-વોટિંગ બૂથ રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તમામ છ કોર્પોરેશનમાં ઈ-વોટિંગ બૂથને રજૂ કરવાને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ઓક્ટોબર મહિનામાં કોર્પોરેશનની ચૂંટણી યોજાનાર છે. જે લોકો ઓનલાઈન મત આપવા ઈચ્છુક છે તે લોકો આ બૂથ ઉપર જઈ શકશે અને તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. વધુમાં કમિશન દ્વારા ઈ-વોટિંગ રજિસ્ટ્રેશનમાં ટૂંકમાં સમયમાં સેલફોન એપની શરૂઆત પણ કરશે. રાજ્યમાં છેલ્લી સુધરાઈ ચૂંટણીમાં વોટરોને તેમના ઘરે કોમ્પ્યુટરથી મત આપવાની પસંદગી આપવામાં આવી હતી પરંતુ આ વખતે ઈ વોટિંગ બૂથ તમામ છ કોર્પોરેશનમાં સ્થાપિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે, માત્ર ૨૪૦ લોકો જ ઈ વોટર તરીકે નોંધાયા છે. રાજ્ય ચૂંટણી પંચના વડા વરેશ સિંહાએ કહ્યું છે કે, કમિશને છેલ્લી ચુંટણીમાં તેના અનુભવથી ઘણા બોધપાઠ લીધા છે.

## ગાંધીનગરમાં સ્પોર્ટસ સંકુલ ખાતે આધુનિક ફીટનેસ સેન્ટરનું લોકાર્પણ





**પૂર્વ ઉપપ્રધાનમંત્રી અને ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણીના હસ્તે સુવિધા સજ્જ હોસ્ટેલનું પણ લોકાર્પણ કરાયું**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, નેતાજી સુભાષ પશ્ચિમી કેન્દ્ર રમત સંકુલ ખાતે આજરોજ ભારતના પૂર્વ ઉપ પ્રધાન મંત્રી અને ગાંધીનગર મતક્ષેત્રના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીના હસ્તે ૧૦૦ પથારી સાથેની અધતન સુવિધાસજ્જ હોસ્ટેલ તથા આધુનિક ફિટનેશ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતાં ગાંધીનગર સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીએ જણાવ્યું હતું કે, ભારતીય ખેલાડીઓના રમત કૌશલ્યમાં રહેલી અઢળક સંભાવનાઓને સતત પ્રોત્સાહિત કરવા સરકાર દ્વારા શ્રેણીબધ્ધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ભારતના વિવિધ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંકુલોમાં હવે ગાંધીનગર આગવી વિશેષતાની સિધ્ધિ સાથે અગ્રિમ રીતે જોડાયું છે તેનો આનંદ છે. કોઈ પણ રમતવીર જયારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ સિધ્ધિ મેળવે છે ત્યારે તે માત્ર તેની વ્યક્તિગત સિદ્ધિ નથી રહેતી, આખો દેશ તેના માટે ગૌરવ અનુભવે છે. આપણે દેશની નામના વધારે તેવા રમતવીરો તૈયાર કરવા છે. આપણી વિદ્યાર્થી યુવાપેઢીને રમતના ક્ષેત્રમાં આગળ વધવા ઘણી જ પ્રોત્સાહક યોજનાઓ અને જરૂરી તાલીમની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આ સુવિધા સજ્જ ઈલાઈટ હોસ્ટેલ અને આધુનિક ફીટનેસ સેન્ટર કાર્યરત બનતાં રમતવીરો, તાલીમાર્થીઓ માટે તે ખૂબ ઉપયોગી બની રહેશે. રમત ગમતની પ્રવૃત્તિ વ્યક્તિનો શારીરિક અને માનસિક વિકાસમાં પણ ઉપકારક બની રહે છે.

આ પ્રસંગે ભારતના રમત અને યુવા બાબતોના મંત્રી શ્રી સરબાનંદા સોનોવાલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર પટેલની ભૂમિ એવા ગુજરાતની ભૂમિ પર સાંઈની સિધ્ધિઓમાં વિશેષ ઉમેરો થતાં આનંદ વ્યક્ત કર્યો હતો. તેઓશ્રીએ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, કેન્દ્ર સરકારના રમત મંત્રાલયની વિવિધ ઉલ્લેખનીય પ્રવૃત્તિઓનો, રમતવીરો માટેની પ્રોત્સાહક યોજનાઓનો પરિચય આપી જણાવ્યું હતું કે વિવિધ ક્ષેત્રે

● અનુસંધાન પાન-૭ પર

## પાણીજન્ય રોગચાળાની સ્થિતિ અંગે હેલ્થમિશનની કારોબારીમાં ચિંતા વ્યક્ત કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિને લઈ ડિસ્ટ્રીક્ટ હેલ્થમિશનની કારોબારીમાં ગંભીર ચિંતાની લાગણી જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજયાણીએ વ્યક્ત કરી હતી.

કોલેરા અને કમળાના મળી રહેલા છુટા છવાયા કેસો તેમજ અન્ય પાણીજન્ય રોગના દર્દીઓ જે સંખ્યામાં મળી રહ્યા છે તેને લઈ ચિંતા વ્યક્ત કરતાં શ્રી ભીમજયાણીએ તંત્રને વધુ સતર્ક બની કામગીરી કરવા જણાવ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારમાં નિયમિત પાણીનું ક્લોરીનેશન થાય તેમજ પુરતા ફોર્સ સાથે પાણીનો પુરવઠો મળી રહે તે જોવા તેમણે આરોગ્યના અધિકારીઓને અન્ય વિભાગો સાથે સુયોગ્ય સંકલનમાં રહી કામગીરી કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં સરકારી દવાખાનાઓમાં પ્રસુતિની સંખ્યા ઘણી ઓછી હોવાનું જણાવતાં તંત્રને આ દિશામાં સેવાનું સઘનીકરણ કરી જરૂરી પગલાં લેવાય તે માટે જણાવ્યું હતું.

આરોગ્ય વિભાગની વિવિધ સેવાઓના લાભાર્થીઓની ડેટા એન્ટ્રીમાં તંત્રના ઉદાસીન વલણ અંગે પણ શ્રી ભીમજયાણીએ નારાજગી વ્યક્ત કરી હતી.

ખાસ કરીને અર્બન વિસ્તારમાં પ્રસુતાઓની વહેલી નોંધણી અને તેની સંભાળની બાબતમાં ઉદાસીન વલણને લઈ તેમણે તંત્રની ટીકા કરી હતી. તેમજ આ દિશામાં નક્કર કાર્યવાહી થાય તે જોવા વિશેષ આગ્રહ કર્યો હતો.

જિલ્લામાં કુપોષિત બાળકોને શોધવા માટે તંત્રએ કરેલી કામગીરી અંગે અભિનંદન પણ જિલ્લા વિકાસ અધિકારીએ આપી નિયમિત રીતે ફોલોઅપ થાય તે જોવા જણાવ્યું હતું.

એનઆરએચએમ તેમજ આરસીએચની વિવિધ યોજનાઓની સમીક્ષા પણ આ બેઠકમાં કરાઈ હતી. વાહકજન્ય રોગચાળાની સ્થિથિ અંગે તેમજ તંત્રની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

'મા અમૃતમ્' વાતસલ્ય યોજનામાં નબળી કામગીરી અંગે તેમજ વધુ કિયોસ્ક તાલુકા કક્ષાએ મુકાય તે જોવા પણ તેમણે તંત્રને તાકીદ કરી હતી.

## લોકફાળાની ૧૦ ટકા રકમ સભ્યની ગ્રાન્ટમાંથી ફાળવી શકાશે

અમદાવાદ, તા.૧૬

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત શહેરી વિસ્તારની ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓમાં કરવામાં આવતા ગટરના કામો માટે ૧૦ ટકા રકમ લોકફાળા દ્વારા ચુકવવાની થાય છે. જે રકમ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ચૂકવવામાં આવે છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના એક ઠરાવ મુજબ હવેથી શહેરી વિસ્તારમાં ગરીબ અને પછાતવર્ગ સિવાયની અન્ય સોસાયટીઓમાં ગટરલાઈનના કામો માટેની લોકફાળાની ૧૦ ટકા રકમ પણ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ફાળવી- આપી શકાશે.

મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાંની જૂની સોસાયટીઓની ગટર લાઈન બદલવાનું કામ તેમજ સોસાયટી બહારની જાહેર રસ્તાઓ પરની ગટર લાઈન કે જાહેર ગટર લાઈનો સિવાયની સોસાયટીની આંતરિક ગટર લાઈનના કામોને સમાવવાનો પણ ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.




મળશે

ડો. ડી. એમ. પંચોલી

એમ.ડી.

કન્સલ્ટન્ટ ફીઝીશ્યન

તા. ૧૮/૭/૨૦૧૫થી રાબેતા મુજબ મળશે.

આશાદીપ નિદાન કેન્દ્ર

પ્લોટ નં. ૨૯૧, બીજો માળ, સ્કાયવ્યૂ, ઘ-૫ સર્કલથી ૧૭/૨૨ બસ સ્ટોપના રસ્તા ઉપર, એમ.એલ.એ. કેન્ટીનની સામે, સેકટર-૨૨, ગાંધીનગર.

ફોન : (કલી.) ૨૩૨ ૨૨૩૭૬, મો. : ૯૩૨૭૦ ૨૭૫૯૩

KADI SARVA VISHWAVIDYALAYA,
Gandhinagar
[University Est.Under State Act of Gujarat, No. 21-2007, UGC Recognized]

B. Ed. AND M. Ed.
ADMISSION 2015-17

Admissions open for NCTE Recognized B.Ed. and M.Ed. Colleges. Students taking admission will be benefitted by free coaching TAT, TET & CTET merit scholarships and excellent placement in CBSE, State and ICSE Schools.

ADDRESS

1. R.H. Patel English Medium B.Ed. College
2. Vakil Shree D.H.Patel Department of Education (M.Ed. & M.A. Education)

B. Ed. College Building, Kadi School Campus,
Sectcr-23, Gh-6, Gandhinagar, Pin- 382023.
Contact : 9825975809, 9898301380,
9898340340, 9377149258
Website : www.ksvuniversity.org.in

Registrar,
KSV, Gandhinagar